જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૧/૨૦૧૯ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૪૭/૧૯**

## અઢી માસ અગાઉ ખાડીયા વિસ્તારમાંથી દાગીનાની ચોરી કરનાર એક સ્ત્રીને કિં.રૂ.૨,૭૬,૫૪૦/- ની મત્તાના સોના-ચાંદીના દાગીના સાથે પકડી પાડી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાંચ.

અમદાવાદ શહેરના માણેકચોકમાં આવેલ માંડવીની પૉળમાં નાગજી ભુદરની પૉળ ખાતે એક ત્રણ માળના મકાનમાં આજથી અઢી માસ અગાઉ કોઈ અજાણી વ્યક્તિએ ત્રીજા માળે આવેલ રુમમાં તિજોરી ખોલી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમની ચોરી કરેલ હોય આ ચોરી બાબતે ખાડીયા પો.સ્ટે. માં ફરિયાદ દાખલ થયેલ હતી. આ દાગીના ચોરીનો ભેદ ઉકેલવા સારૂ શ્રી જે.કે.ભટ્ટ સ્પેશીયલ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન નાયબ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાંચ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી બી.વી.ગોહીલ નાઓના માર્ગદર્શન હેઠળ ઓટોરીક્ષા પેસેન્જર ચોરી/લુંટ અને ગ્લાસ બ્રેકીંગ થેફટ સ્કોડના પો.ઇન્સ. શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર, પો.સ.ઈ. શ્રી આર.પી.ભરવાડ તથા પો.સ.ઈ. શ્રી આર.જે.ચૌધરી નાઓ આ દિશામાં કાર્યરત હતા.

બાદ આ કામે સદર બનાવવાળી જગ્યાની આજુબાજુના રુટના સી.સી.ટી.વી. ફુટેજ મેળવવામાં આવેલ અને તે આધારે તપાસ કરતાં આ દાગીનાની ચોરી કરનાર કોઈ મહિલા હોવાનું જણાઈ આવેલ જેથી આ દિશામાં પ્રયત્નશીલ હતા દરમ્યાન સ્ટાફના હે.કો. નારસિંહ મલુસિંહ તથા હે.કો. મહેન્દ્રસિંહ ગુલાબસિંહ નાઓને ખાનગી રાહે મળેલ ચોકકસ બાતમી હકીકત આધારે શાહપુર દરવાજા બહાર ખાતે વોચ ગોઠવી લતાબેન ઉર્ફે ગુલાબ ઉર્ફે લકડી વા/ઓ કનુભાઈ વાડીલાલ ચૌહાણ (મારવાડી) ઉ.વ.૪૦ રહે. વનમાળી વાંકાની પોળ, જ્યોત્સના બેનના મકાનમાં, શાહપુર, અમદાવાદ શહેર તથા ગોવિંદ કાશીરામની પોળ, મંગળ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ શહેર મુળ રહે. માણેકલાલ છગનલાલ કાછીયાની ચાલી, કુમકુમ હોટલની પાછળ, જમાલપુર ચાર રસ્તા, અમદાવાદ શહેર નાઓને પકડી પાડી ચોરી કરેલ સોના-ચાંદીના દાગીના તથા વાસણો જેમાં ગળામાં પહેરવાની માળા (હાર), વીંટી-૩, બુટ્ટી-૩, પાટલા-૨, પિન-૨ તથા સફેદ ધાતુના સિક્કા-૫, વાટકી-૯, ચમચી-૩, ગ્લાસ-૩, ડબ્બો-૧ કંકાવટી-૧ મળી કુલ કિં.રૂ. ૨,૭૬,૫૪૦/-ની મત્તાનો મુદ્દામાલ રિકવર કરેલ છે.

પકડાયેલ લતાબેન મારવાડીની પુછપરછ તપાસ દરમ્યાન આજથી અઢી માસ અગાઉ તે ફરતી ફરતી બપોરના સમયે માણેકચોકમાં આવેલી અને માંડવીની પૉળમાં નાગજી ભુદરની પૉળ ખાતે ઉભો ખાંચો આવેલ છે ત્યાં એક ત્રણ માળનું મકાન હતું અને આ મકાનમાં સીડી વાટે ત્રીજા માળે ગયેલ ત્યારે કોઈ માણસ દેખાયેલ નહિ જેથી તકનો લાભ લઈ આ મકાનમાં આવેલ એક રુમમાં તિજોરી હોય તિજોરીનું ડ્રોઅર ખોલી તેમાંથી સોનાના દાગીના તથા ચાંદીનાં વાસણો તેમજ રોકડ રકમની ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ હોય સદરી બનાવ બાબતે ખાડીયા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૩૫/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૮૦ મુજબનો ગુનો દાખલ થયેલ છે.

## સટ્ટા બેટીગના આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમી રમાડતા ઇસમને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧ સા.શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા એ.સી.પી સા.શ્રી. "ઇ" ડિવિઝન તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા માટે રાખવામા આવેલ ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.લો.ર. સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૧૧૯૦ તથા અ.લો.ર અનિરૂધ્ધસિહ પ્રતાપસિંહ બ.ન.૬૦૭ નાઓને મળેલ બાતમી હકિકત આધારે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરી સટ્ટા બેટીગના આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમી રમાડતા ઇસમ નામે સઇદ ફરીદમીયા શેખ નાને પકડી તેની પાસેથી જુગાર રમાવાના સાધનો ચીઠ્ઠી નંગ-૦૧ કિ.રૂ.૦૦/- તથા બોલપેન નંગ-૦૧ કિ.રૂ.૦૦/- તથા રોકડ રૂ.૨૭૩૦૦/- તથા એક મોબાઇલ કિ.રૂ.૫૦૦/-ની મળી કુલ્લે મુદામાલ રૂ.૨૭૮૦૦/- ની મતાનો મુદામાલ તપાસ અર્થે કબ્જે કરી સદરી ઇસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરવામા આવેલ છે

**દાણીલીમડા પોલીસ સ્ટેશનઃ**

પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જે" ડીવીજન વી.જે રાઠોડ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા (વૉટેડ) આરોપીઓની પકડવાની ડ્રાઇવ ચાલતી હોય સીની.પોલીસ ઈન્સપેકટર સુ.શ્રી એમ.બી.ઝાલા મણીનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલંસ સ્કોડ .પો સબ ઇન્સ.આર.આર.ગળચર તથા હેડ.કોંન્સ.ઉત્તમભાઇ બચુભાઇ બ.ન.૩૬૦૯એલ.આર.પો.કો.પરાક્રમસિંહમહાવીરસિંહબં.નં.૧૩૫૯તથાદિવ્યરાજસિંહ ભરત સિંહ બંનં.૫૪૩ નાઓ સાથી નાસતા ફરતા આરોપીઓ ની વોચ માં હતા દરમ્યાન સાથે ના એલ.આર.પો.કો.પરાક્રમ સિંહ મહાવીર સિંહ નાઓ ને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે અત્રે નાં દાણીલીંબડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-૦૧/૨૦૧૯ થી ઇપીકો કલમ-૪૦૬,૪૨૦, મુજબ નાં કામનાં આરોપી મુસ્લીમભાઇ મહેબુબભાઇ ખત્રી ઉ.વ.૩૭ રહે- ફ્લેટ નં. સી-૨ લાલા –કોમ્પ્લેક્સ સાહઆલમ દરવાજાની પાસે અમદાવાદ શહેર નાનો બાતમી આધારે સ્ટાફ નાં માણસો સાથે વોચ માં રહી તેને પકડી લઇ તેનાં વિરુધ્ધ ધી સી.આર.પી.સી.કલમ ૪૧(૧) આઇ મુજબ કાયદેસર કાર્યવાહી કરી પકડી અટક કરવામાં આવેલ જે બાબતે પ્રસંશનીય ઉમદા કામગીરી કરવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે આવેલ ૧૪ બાંગ્લાદેશી નાગરીકોને પકડી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

ખાસ પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાંચ,અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી તથા પોલીસ ઇન્સપેકટરશ્રી એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં ગેરકાયદેસર રીતે રહેતાં કોઈ બાંગ્લાદેશી નાગરીકો મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ. જે સુચના આધારે પોસઇ શ્રી જે.કે.રાઠોડ તથા પો.સ.ઈ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમો અમદાવાદ શહેરમાં અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન બન્ને ટીમોને મળેલ બાતમી હકિક્ત આધારે ઈસનપુર ચંડોળા તળાવ ની પાળ પાસે દશામાના મંદિર પાસેથી તથા દાણીલીમડા સુએઝ ફાર્મ કચરાના ઢગલા પાસેથી કુલ ૧૪ ઇસમોને પકડી પાડી તેઓની ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓ પાસે ભારતીય નાગરિક તરીકેનો આધાર પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતાં બાંગ્લાદેશી (૧) જુલ્ફીકાર રહેમાન મુલ્લા (મુસ્લીમ) ઉવ.૨૯ ધંધો:મજુરી રહે- ભાનુ સ્કુલ પાસે છાપરામા નરોડા પાટીયા નરોડા અમદાવાદ શહેર. મુળ વતન - ગામ ગાંગની પોસ્ટ. ગાંગની થાના મુલ્લા હાટ જી.બાગેરહાટ બાંગ્લાદેશ. (૨) અખ્તરઉલ મોઝીદ સદર ઉવ.૨૮ ધંધો:મજુરી રહે- રબારી કોલોની પાસે અમરાઈવાડી અમદાવાદ શહેર મુળ વતન- ગામ ચાંદોડીયા પો.સ્ટે ચાંદોડીયા થાના કોલારુવા જી. સાતકીરા બાંગ્લાદેશ. (૩) મોતીહાર ફઝલ ગાજી ઉવ.૩૪ ધંધો:મજુરી રહે: ભવાની નગર ટેકરા ઓઢવ અમદાવાદ મુળ વતન- ગામ રુખાલી પો.સ્ટ મીરઝાપુર થાના- જી.નોડાઈલ બાંગ્લાદેશ (૪) મોહમદ હમીમ અબ્દુલહક ફકીર ઉવ.૨૬ ધંધો:મજુરી રહે: ખોડીયાર નગર ગાયત્રી સ્કુલ ની પાસે નિકોલ અમદાવાદ મુળ વતન - ગામ લશ્કરપુર પો.સ્ટ મુકામપુર થાના- તેરોખદા જી.ખુલના બાંગ્લાદેશ (૫) ઝાકીર અઝીઝ શેખ ઉવ.૪૫ ધંધો:મજુરી રહે: ચંડોળા તળાવ ના છાપરા અમદાવાદ મુળ વતન - ગામ ગાજીરહાટ પો.સ્ટ ગાજીરહાટ થાના- દીગોલીયા જી.ખુલના બાંગ્લાદેશ (૬) અસરફુલ સોયેપે મુલ્લા ઉ.વ.૩૫ ધંધો:મજુરી રહે: વટવા ક્રોસીગ પાસે પુનીત નગર અમદાવાદ મુળ વતન - ગામ મોઝીદીયા પો.સ્ટ ગાજીરહાટ થાના- દીગોલીયા જી.ખુલના બાંગ્લાદેશ (૭) આરીફ સઆો તુતા શેખ

ઉ.વ.૩૦ ધંધો:મજુરી રહે: મનોહર વિલા, નરોડા, અમદાવાદ મુળ વતન - ગામ.ફુદલા, પો.સ્ટ.ફુદલા, થાના.તેરોખદા જી.ખુલના બાંગ્લાદેશ (૮) મોહમદ આનીશ મોહમદ સુકુલ શેખ. ઉ.વ.૫૧ ધંધો:મજુરી રહે: ચંડોળા તળાવના છાપરા, ઇસનપુર, અમદાવાદ મુળ વતન - ગામ.જુગાનીયા, પો.સ્ટ.જુગાનીયા, થાના.નોડાગતી જી.નોડાઇલ બાંગ્લાદેશ (૯) ફારૂક સૌફી મુલ્લાહ ઉ.વ.૨૪ ધંધો:મજુરી રહે: વટવા ક્રોસિંગ પાસે છાપરામાં, વટવા, અમદાવાદ મુળ વતન - ગામ.તુતપડા, પો.સ્ટ.સીપયાર્ડ, થાના.રૂપસા જી.ખુલના બાંગ્લાદેશ (૧૦) ઇબ્રાહીમ તોબીબર શેખ ઉ.વ.૨૫ ધંધો:મજુરી રહે: વટવા ક્રોસીગ પાસે પુનીત નગર અમદાવાદ મુળ વતન - ગામ જામરેલ પો.સ્ટ ખોડેલા થાના- કાલીયા જી.નોડાઇલ બાંગ્લાદેશ (૧૧) જમાલ અસફ સદર ઉ.વ.૩૦ ધંધો:મજુરી રહે: વટવા ક્રોસીગ પાસે પુનીત નગર અમદાવાદ મુળ વતન - ગામ.બીસ્નુપુર, પો.સ્ટ.માધુપસા, થાના- કાલીયા જી.નોડાઇલ બાંગ્લાદેશ (૧૨) મોહમંદ લીયાકત મોહમંદ મીરાજ ખાન ઉ.વ.૨૫ ધંધો:મજુરી રહે: શાહઆલ, દરગાહની પાછળ, શાહઆલમ, અમદાવાદ મુળ વતન - ગામ.જુગાનીયા, પો.સ્ટ.હોટડંગા, થાના-નોડાગતી જી.નોડાઇલ બાંગ્લાદેશ (૧૩) મોહમંદ આલામીન મોહમંદ ઓલીયા શેખ ઉ.વ.૨૪ ધંધો:મજુરી રહે: વટવા રેલ્વે ક્રોસીંગ, વટવા, અમદાવાદ મુળ વતન - ગામ.પીડોલી, પો.સ્ટ.પીડોલી, થાના-કાલીયા જી.નોડાઇલ બાંગ્લાદેશ (૧૪) સાગોર રૂહુલઅમીન. મોરોલ ઉ.વ.૨૫ ધંધો:મજુરી રહે: વટવા રેલ્વે ક્રોસીંગ, વટવા, અમદાવાદ મુળ વતન - ગામ.વસંતપુર, પો.સ્ટ.સારસા, થાના-સારસા જી.જોસોર બાંગ્લાદેશ નાઓને પકડી ડિટેઇન કરવામાં આવેલ સદરી ઇસમો કોઇ ગુન્હાહીત પ્રવુતી સાથે સંકળાયેલ છે કે કેમ? તે દિશામાં તપાસ ચાલું છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.